નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ગાંધીનગર હેઠળની હંગામી જગ્યાઓને
તા:૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવા બાબત

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2023/0542/A Section
સચિવાલય, ગાંધીનગર
તા.૧૦/૦૬/૨૦૨૪

**વંચાણે લીધા**:-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૫/૦૩/૨૦૨૩ નો સમાનાંકી ઠરાવ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૨૭/૦૨/૨૦૨૪ નો પત્રાંક: DDCW/0033/02/2024

**આમુખ**: -

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની કુલ ૯૯૦ હંગામી જગ્યાઓને તા:૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમ (૨) પરના પત્રથી, વિવિધ હંગામી જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવા માટે અત્રે દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની (૧) પત્રક – ૧ મુજબની (ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ) ૧૦૮૮ જગ્યાઓ (૨) પત્રક – ૨ મુજબની (ભરતી કેલેન્ડરમાં સમાવેશ ન થયેલ જગ્યાઓ) ૧૭ જગ્યાઓ અને (૩) પત્રક – ૩ મુજબની કેડર પોસ્ટની ૧૧ જગ્યાઓ: એમ કુલ ૧૧૧૬ હંગામી જગ્યાઓને નીચે મુજબની શરતોને આધીન ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.

**શરતો**:-

(૧) પત્રક- ૨ ના ક્રમ નં. ૬ના કોલમ ૮ મુજબ રસોડા કામદાર સંવર્ગની ૦૨ જગ્યાઓ અને ક્રમ નં. ૯ ના કોલમ ૮ મુજબ ચોકીદાર સંવર્ગની ૦૨ જગ્યાઓ ખાલી પડેલ હોવાથી સામાન્ય વહીવટ વિભાગના તા:૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવ મુજબ રદ કરવામાં આવે છે.

(૨) પત્રક -૩ ના ક્રમ નં. ૯ પરની આંકડા મદદનીશ સંવર્ગની ૦૨ જગ્યાઓ નાણા વિભાગના તા:૨૭/૦૬/૨૦૨૩ ના ઠરાવ અનુસાર અબેયન્સમાં મૂકવામાં આવે છે. આ જગ્યાઓ ભરતાં પહેલા નાણા વિભાગની પૂર્વ મંજૂરીથી અબેયન્સ મુક્ત કરાવવાની રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સંબંધિત નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૭) રદ થયેલ જગ્યાઓ પર કોઈ પણ નિમણૂંક આપી શકાશે નહી. આ જગ્યાઓ માટે નવેસરથી દરખાસ્ત કરવાની રહેશે.

(૮) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફિક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને

શરતો અનુસાર અને તેમા વખતોવખત થયેલ જોગવાઇઓ પ્રમાણે ભરવાના રહેશે.

(૯) જે તે જગ્યોઓના પગાર-ધોરણ R.O.P.- 2016 પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની રહેશે.

(૧૦) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦(પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૧) નાણા વિભાગના તા:૨૬/૦૭/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક:FD/ZMR/E-FILE/4/2023/0336/Z-1 અને તા:૨૬/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:FD/ZMR/E-FILE/4/2022/2282/Z-1 ની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૨) જો આ ઠરાવ હેઠળની હંગામી જગ્યાઓ તા.૨૮/૦૨/૨૦૨૫ બાદ ચાલુ રાખવાની જરૂરિયાત જણાય તો હંગામી જગ્યાઓની ગણતરીમાં એકસૂત્રતા જળવાય તે માટે નિગમો ખાતે ફાળવેલ જગ્યાઓ કે જેના સંવર્ગ સંચાલક તરીકે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ/ સા.ન્યા.અ.વિભાગ છે તે જગ્યાઓનો પણ દરખાસ્તમાં સમાવેશ કરીને સંયુક્ત દરખાસ્ત કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સક્ષમ કક્ષાએ તા:૦૫/૦૬/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરિત આર. દોશી
સેક્શન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના</u>:

- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અકાઉન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર /- સદરહુ ઠરાવને વિભાગને વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ...
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૪

પત્રક – ૧

**ભરતી કેલેન્ડરમાં સમાવેશ થયેલ સંવર્ગોની જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | સંવર્ગનુ નામ | સંખ્યાબળ (કુલ) | કાયમી | હંગામી | હંગામી પૈકી | | હંગામી ખાલી જગ્યાઓ પૈકી | | | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ભરાયેલ | ખાલી | ૩ વર્ષથી નીચેની | ૩ થી ૫ વર્ષ સુધીની | ૫ વર્ષથી ઉપરની | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | નાયબ નિયામક (વર્ગ-૧) | ૧૮ | ૦૦ | ૧૬ | ૧૧ | ૦૫ | ૦૪ | ૦૧ | ૦૦ | નાયબ નિયામકની ૧૮ હંગામી જગ્યાઓ પૈકી ૦૨ જગ્યાઓનું કન્ટીન્યુએશન નિગમ મારફત લેવામાં આવેલ છે. |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) | ૪૬ | ૦૨ | ૩૭ | ૨૨ | ૧૫ | ૧૫ | ૦૦ | ૦૦ | સમાજ કલ્યાણ અધિકારીની ૪૪ હંગામી જગ્યાઓ પૈકી ૦૭ જગ્યાઓનું કન્ટીન્યુએશન નિગમ મારફત લેવામાં આવેલ છે. |
| ૩ | આચાર્ય (વર્ગ-૨) | ૩૩ | ૦ | ૩૩ | ૧૬ | ૧૭ | ૧૫ | ૦૦ | ૦૨ | - |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૩) | ૧૭૯ | ૦૫ | ૧૬૯ | ૭૧ | ૯૮ | ૫૬ | ૧૭ | ૨૫ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીની ૧૭૪ હંગામી જગ્યાઓ પૈકી ૦૭ જગ્યાઓનું કન્ટીન્યુએશન નિગમ મારફત લેવામાં આવેલ છે. |
| ૫ | સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩) | ૨૮૫ | ૨૧ | ૨૬૪ | ૪૭ | ૨૧૭ | ૧૫૫ | ૧૧ | ૫૧ | - |
| ૬ | સિનીયર કલાર્ક (વર્ગ-૩) | ૭૪ | ૪૬ | ૨૮ | ૨૦ | ૦૮ | ૦૪ | ૦૦ | ૦૪ | - |
| ૭ | સિવણ સંચાલિકા (વર્ગ-૩) | ૨૦ | ૦૦ | ૨૦ | ૦૬ | ૧૪ | ૦૩ | ૦૦ | ૧૧ | - |
| ૮ | જુનિયર કલાર્ક (વર્ગ-૩) | ૧૦૨ | ૩૨ | ૭૦ | ૪૪ | ૨૬ | ૧૧ | ૦૦ | ૧૫ | - |
| ૯ | મદદનીશ શિક્ષક (મા.શિ.) (વર્ગ-૩) | ૨૨૦ | ૦૦ | ૨૨૦ | ૭૩ | ૧૪૭ | ૪૫ | ૩૯ | ૬૩ | - |
| ૧૦ | મદદનીશ શિક્ષક (ઉ.મા.શિ.) (વર્ગ-૩) | ૨૩૧ | ૦૦ | ૨૩૧ | ૦૦ | ૨૩૧ | ૦૦ | ૬૬ | ૧૬૫ | - |
| | કુલ | **૧૨૦૮** | **૧૦૬** | **૧૦૮૮** | **૩૧૦** | **૭૭૮** | **૩૦૮** | **૧૩૪** | **૩૩૬** | **-** |

**પત્રક-૨**

**ભરતી કેલેન્ડરમાં સમાવેશ ન થયેલ સંવર્ગોની જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | સંવર્ગનુ નામ | સંખ્યાબળ (કુલ) | કાયમી | હંગામી | હંગામી પૈકી | | હંગામી ખાલી જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ભરાયેલ | ખાલી | ૩ વર્ષથી નીચેની | ૩ થી ૫ વર્ષ સુધીની | ૫ વર્ષથી ઉપરની |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | સંયુક્ત નિયામક (વર્ગ-૧) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | કાયદા અધિકારી (કરાર આધારિત) (વર્ગ-૨) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૩ | ડ્રાયવર (વર્ગ-૩) | ૨૫ | ૧૮ | ૦૭ | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | પટાવાળા (વર્ગ-૪) | ૩૩ | ૩૧ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | રસોયા (વર્ગ-૪) | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | રસોડા કામદાર (વર્ગ-૪) | ૦૬ | ૦૨ | ૦૪ | ૦૨ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ |
| ૭ | હમાલ (વર્ગ-૪) | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૮ | સફાઈ કામદાર (વર્ગ-૪) | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૯ | ચોકીદાર (વર્ગ-૪) | ૦૪ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ |
| | કુલ | ૭૭ | ૫૬ | ૨૧ | ૧૬ | ૦૫ | ૦૫ | ૦૦ | ૦૦ |

**પત્રક-૩**

કેડર પોસ્ટની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | સંવર્ગનુ નામ | સંખ્યાબળ (કુલ) | કાયમી | હંગામી | હંગામી પૈકી | | હંગામી ખાલી જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ભરાયેલ | ખાલી | ત્રણ વર્ષથી નીચેની | ૩ થી ૫ વર્ષ સુધીની | ૫ વર્ષથી ઉપરની |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | નિયામક (વર્ગ-૧) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | હિસાબી અધિકારી (વર્ગ-૧) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | સ્ટેનો ગ્રેડ-૧ (વર્ગ-૨) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | સ્ટેનો ગ્રેડ-૨ (વર્ગ-૩) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | સીનીયર ઓડીટર (વર્ગ-૩) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | ડેપ્યુટી ઓડીટર (વર્ગ-૩) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૭ | સબ ઓડીટર (વર્ગ-૩) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૮ | સંશોધન મદદનીશ (વર્ગ-૩) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૯ | આંકડા મદદનીશ (વર્ગ-૩) | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૦ |
| | કુલ | **૧૧** | **૦૦** | **૧૧** | **૦૮** | **૦૩** | **૦૧** | **૦૨** | **૦૦** |

Signature Not Verified
Signed by:H R Doshi
Section Officer
Date: 2024.06.11
12:21:19 +05:30



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*